શહેરના નાગર સદ્‌ગૃહસ્થ કાશીમાં મહાદેવના શરણે દેવલોક પામ્યા

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

મારી પુત્રવધુનું પી.એમ. જેવું જ છે... અમારું બહુ ધ્યાન રાખે... વર્ષમાં બે મહિના અમારા ઘરમાં જ રહે છે... બોલો...!!

સે. ૨૭ ખાતે અડધું તૂટી પડેલું ઝાડ

તસવીર : કશ્યપ નિમાવત

એમસીઆઈની ટીમે બે કલાક સુધી હોસ્પિટલની સુવિધા ચકાસણી કરી

ટીમ વધુ એક દિવસ શહેરમાં રોકાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મેડીકલ કોલેજના ઈન્સ્પેક્શન માટે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના ત્રણ અધિકારીઓની ટીમ આજે ગાંધીનગર આવી પહોંચી હતી.

સવારે ગાંધીનગર આવી પહોંચેલી ટીમે ત્રણ અલગ અલગ ટીમો બનાવી સિવિલ હોસ્પિટલ સંકુલ, કોલેજ સંકુલ તેમજ ભૌતિક અને આંતરમાળખાકીય સુવિધાઓની ચકાસણી હાથ ધરી હતી. જેની મોડી સાંજ સુધી કાર્યવાહી ચાલી હતી.

મળતી વિગતો મુજબ ટીમના અધિકારીઓએ હોસ્પિટલની નાની સુવિધાઓને લઈ અત્યંત ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. મીની ઓપરેશન થિયેટરના સાધનોથી લઈ અને વોર્ડમાં કર્મચારીઓની હાજરી તેમજ દવાના જથ્થા સહિતની બાબતો ચકાસી હતી. આ ટીમે સિવિલ હોસ્પિટલના દવાના સ્ટોરની પણ મુલાકાત લઈ અને કેટલી દવાઓનો ઉપાડ-આવકની વિગતો પણ ચકાસી હતી.

આ ટીમ હજુ વધુ એક દિવસ રોકાશે. બુધવારે બપોર સુધી ઈન્સ્પેક્શનની કામગીરી ચાલશે અને મોડી સાંજે તે પરત ફરશે તેમ જાણવા મળેલ છે.

ટીમે નવા બનાવાયેલ વોર્ડ તેમજ તેમાં ઉભી કરાયેલી સુવિધાઓને ડૉક્ટરોના ડ્યુટી લીસ્ટ તેમજ પેશન્ટ જે દાખલ થયેલા છે તેમના કેસ પેપર પણ ચકાસ્યા હોવાનું જાણવા મળેલ છે.

ટીમે સિવિલ હોસ્પિટલ સંકુલમાં બે કલાકથી પણ વધુનો સમય વિતાવ્યો હતો. હવે આ ટીમ પોતાનો અહેવાલ એમ.સી.આઈ.ને સુપ્રત કરશે.

ગાંધીનગર મેડીકલ કોલેજના ચોથા વર્ષની મંજૂરી માટે કાઉન્સીલે બે વખત ઈન્સ્પેક્શન કર્યુ હતુ. આ પછી ભાવી સરકારે કરેલી દરમ્યાનગીરીને લઈ મંજૂરી અપાઈ હતી જે ઉલ્લેખનીય છે. આ વખતે કોલેજ સત્તાવાળાઓએ અત્યંત કાળજી લઈ અને સુવિધાઓમાં પણ કોઈ ત્રુટી ન રહે તેના પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું હતું.

ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ચાલી રહેલ હાઉસ ટુ હાઉસ, સર્વેલન્સ માટે આરોગ્ય અધિકારીઓને મોનીટરીંગની વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લામાં ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયા બાદ આજે જિલ્લાના નિરીક્ષક શ્રી અનીશ માંકડે તૈયારીઓ સહિતની બાબતોની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનની વાવણીનો શુભારંભ થયો છે અને ખેડૂતો ખેતીના કામમાં જોતરાયા છે.
- સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે નિયુકત થયેલ નિરીક્ષકશ્રી અનીશ માંકડ આજે કલોલ તાલુકાની મુલાકાતે જવાના છે.
- ગાંધીનગર શહેરના મોર્નિંગ વોકર્સની સંખ્યામાં ધીમી ગતિએ વધારો થઈ રહ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં તાલુકા અને જિલ્લા કક્ષાના રમતોત્સવનું ડિસેમ્બરમાં આયોજન કરાશે.

અશોક સિંઘલને શ્રદ્ધાંજલિ આપતા ભાજપ પ્રદેશાધ્યક્ષ આર સી ફળદુ

ગાંધીનગર, તા.૧૭

ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુએ વિશ્વ હિન્દુ પરિષદના વરિષ્ઠ નેતા સ્વ. શ્રી અશોકજી સિંઘલના આજ રોજ થયેલ અવસાનથી ગુજરાત ભાજપાના સમગ્ર પરિવાર વતી શ્રદ્ધાંજલી અર્પી છે.

સ્વ. શ્રીઅશોકજી સિંઘલ વિશ્વ હિન્દુ પરિષદના આગલી હરોળના વરિષ્ઠ નેતા હતા. દેશ પ્રત્યેની રાષ્ટ્રભાવના તેમજ ઘરના ધાર્મિક સંસ્કારભર્યા વાતાવરણના લીધે હિન્દુ ધર્મ પ્રત્યે ખુબ જ પ્રેમ હતો. તેઓ યુવાન વયથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને શાખા સાથે જોડાયેલા હતા. શાખાના કાર્યકર્તા કરીકે સંઘના પદાધિકારીઓ અન્ય મહાનુભાવો-વિદ્વાનોના સંપર્કના લીધે પોતાનું કાર્યક્ષેત્રે વિશ્વ હિન્દુ પરિષદ, ધર્મજાગરણ, સેવાકીય, ગૌરક્ષા જેવી પ્રવૃત્તિઓ-ક્ષેત્રોમાં પોતાનું યોગદાન આપ્યું હતું. શાસ્ત્રીય સંગીતમાં રૂચીને કારણે તેમણે સંઘના અનેક ગીતો તૈયાર કરવામાં તેમનો હિસ્સો રહેલો હતો. અયોધ્યા ખાતે શ્રી રામ જન્મભૂમિ માટેનું તેમનું યોગદાન વિશેષ રૂપે હતું તેમ ફળદુજીએ જણાવ્યું હતું.

તેઓશ્રીના દુ:ખદ અવસાનથી વિશ્વ હિન્દુ પરિષદ અને સંઘ ભાવના સાથે સંકળાયેલા કાર્યકરોએ ઉત્તમ સમાજ સેવક અને નેતા ગુમાવ્યો છે. સંન્યાસી જેવું જીવન અને વિશ્વ હિન્દુ પરિષદની હાલમાં વિશ્વમાં જે ખ્યાતિ છે તેના માટેના તેમના યોગદાનને દેશ અને અનેક કાર્યકર્તાઓ ભૂલી શકશે નહી તેમ પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુએ જણાવ્યું હતું.

કોંગ્રેસના પ્રતિનિધિમંડળ દ્વારા રાજ્ય ચૂંટણી પંચ સમક્ષ રજૂઆત

ગાંધીનગર, તા. ૧૭

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલા નિર્ણયો મતદાન પ્રક્રિયા માટેના કરાયા છે તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીની તટસ્થ અને ન્યાયી પ્રક્રિયાને ખૂબ જ ગંભીર રીતે અસર કરે તેમ હોઈ આ નિર્ણયોની પુનઃ વિચારણા કરવા કોંગ્રેસના પ્રતિનિધિમંડળે રાજ્ય ચૂંટણી કમિશનર સમક્ષ રજુઆત કરી હતી. કોંગ્રેસના પ્રતિનિધિમંડળે રાજ્ય ચૂંટણી કમિશનર સમક્ષ રજુઆત કરી હતી કે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આગામી ચૂંટણીમાં જેઓ ઘેર બેઠા મતદાન કરવા માગે છે તેમના ઈ-વોટીંગ રજીસ્ટ્રેશનની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ નોંધણી અંગેના ચોક્કસ દસ્તાવેજો નિશ્ચિત કરવામાં આવ્યા નથી અને કરવામાં આવેલ હોય તો તેની પુરતી ચકાસણી વગર નોંધણી કરવામાં આવેલ છે. આ અંગેની વિગતોની સ્પષ્ટતા થવી જરૂરી છે.

આ ઉપરાંત આગામી સ્થાનિક ચૂંટણીઓમાં મતદાન કરતી વખતે ઓળખપત્ર કે અન્ય સાંગિક ઓળખ પુરાવાઓને ચૂંટણી પંચ દ્વારા મરજિયાત કરી દેવામાં આવેલ છે. કોઈપણ ઓળખના પુરાવા સિવાય મતદાર મતદાન કેવી રીતે કરી શકે તે સોચનીય છે. આ જાતની જોગવાઈ કરવામાં આવી હોય તો તે બોગસ મતદાનને પ્રોત્સાહન આપનારી બની રહેશે. આ અંગેની પણ સ્પષ્ટતા કરવા રજુઆત કરવામાં આવી હતી.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાન મથકો ઘણા હોવાથી અને સરકાર ચૂંટણી પંચ પાસે પુરતા કર્મચારીઓ નહિ હોવાથી બહારની એજન્સી મારફતે પોલીંગ બુથમાં એનજીઓ બહારની સંસ્થાઓની વ્યક્તિઓને ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે. આ બાબત પણ ચૂંટણીની તટસ્થ પ્રક્રિયા માટે ઘણી જોખમકારક હોવાની રજુઆત કરવામાં આવી હતી.

આ પ્રતિનિધિમંડળે રાજ્ય ચૂંટણી કમિશનરને ચૂંટણીની ન્યાયીક અને તટસ્થ પ્રક્રિયાને ગંભીર રીતે અસર કરનારી છે તે બાબતને અનુલક્ષીને આ સમગ્ર પ્રશ્નો અંગે પુનઃ વિચારણા કરવા અને ચૂંટણી પંચ દ્વારા તટસ્થ ન્યાયીક રીતે પગલા લેવામાં આવે તેવી આશા વ્યક્ત કરી હતી.

ઓવર 'ઓવરલોડિંગ'

ગાંધીનગર શહેરના માર્ગ પર મંગળવારે આ દૃશ્ય જોવા મળ્યું હતું. એક લોડિંગ રીક્ષા ઓવરલોડિંગ અવસ્થામાં જોવા મળી હતી, જેમાં પસ્તી અને ભંગારની વસ્તુઓ હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

રાજસ્થાનમાં રામદેવરા ખાતે યાત્રિકધામનું ૨૦મીએ ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા.૧૭

ધીરૂભાઈ હરીભાઈ ગજેરા અને ટ્રસ્ટી મંડળના સંયુકત ઉપકમે આગામી તા. ૨૦ નવેમ્બરના રોજ સવારે ૮.૩૦ કલાકે નાચનાચોક, પોખરણ, રાજસ્થાન ખાતે ગજેરા યાત્રિકધામનું ઉદઘાટન સમારોહ યોજાશે. આત્મજા હીનાબેન ધીરુભાઈ ગજેરા યાત્રિકધામ ખાતે તા. ૧૯ નવેમ્બરના રોજ સવારે ૮ થી રાત્રિના ૯ કલાક દરમિયાન નવચંડી હવન, વાસ્તુપુજન, રામદેવજી મહારાજનો દિવ્ય જયોતિ પાઠ, ભજન સત્સંગ સહિતના કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ તા. ૨૦ નવેમ્બરના રોજ ઉદઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

મુક્તિધામ ખાતે ઈમુ પક્ષીનો ઉદય થશે

ગાંધીનગર, તા. ૧૭

જ્યાં જીવનનો અંત થાય છે તેવા મુક્તિધામ ખાતે નવા જીવનનો ઉદય થવા પામ્યો છે. મુક્તિધામ ખાતે સચવાયેલા બતક અને ઈમુ પક્ષીએ ઈંડા મુકતા આનંદ વિભોરનું વાતાવરણ સર્જાયું છે.

માનવીની છેલ્લી યાત્રા એટલે મુક્તિધામ. મુક્તિધામની છબી ડરામણી લોકોએ ઉભી કરી છે. જેથી મુક્તિધામ પાસેથી પસાર થતા લોકોના મનમાં પણ ડર છવાયેલો રહે છે. પરંતુ મુક્તિધામની વ્યાખ્યા શહેરના અંતિમધામ જોઈ દરેક વ્યક્તિની બદલાઈ જાય. શહેરના લાખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલુ મુક્તિધામ અનેરૂ આકર્ષણ સર્જે છે. મુક્તિધામમાં મુકેલી વિવિધ ભગવાનની તેમજ સંતોની મુકવામાં આવેલી કલાત્મક પ્રતિમાઓ જોઈ ધાર્મિક વાતાવરણ ઉભુ થાય છે. જ્યારે શહેરના મુક્તિધામમાં તો વિદ્યાર્થીઓ શાંત વાતાવરણમાં વાંચી શકે તે માટે લાયબ્રેરી ઉભી કરવામાં આવી છે. જેની મુલાકાત વિદ્યાર્થીઓ રોજ લે છે. આવી પવિત્ર જગ્યાએ છેલ્લા ઘણા સમયથી વિદેશી પક્ષી ઈમુ વસવાટ કરે છે. ઈમુની સાથે સાથે બતક સહિતના પક્ષીઓના કલરવથી વાતાવરણ ગુંજી ઉઠે છે. ત્યારે જે સ્થળ જીવનની અંતિમ યાત્રા પુરી થાય છે ત્યાં આ પક્ષીઓએ ઈંડા મુકતા નવા જીવનનો ઉદય થવા જઈ રહ્યો છે. જેને લઈ મુક્તિધામમાં આનંદનું વાતાવરણ સર્જાયું છે. જ્યારે મુક્તિધામના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ આ પક્ષીઓની સેવામાં ખડેપગે હાજર જોવા મળે છે.

શહેરના નાગર સદ્‌ગૃહસ્થ કાશીમાં મહાદેવના શરણે દેવલોક પામ્યા

મહાદેવના દર્શન કરીને બહાર નીકળતા જ હૃદયરોગના તીવ્ર હૂમલામાં અવસાન : કાશીના મણિકર્ણિકા ઘાટ પર અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નાગર સદ્‌ગૃહસ્થ અને શહેરના જાણીતા પ્રાધ્યાપક મમતા બુચના પિતાશ્રી કુલીનચંદ્ર બુચનું વારાણસી-કાશીમાં હૃદયરોગના તીવ્ર હૂમલામાં અવસાન થયું છે. તેઓની અંતિમ ક્રિયા વારાણસીના જાણીતા મણિકર્ણિકા ઘાટ પર કરવામાં આવી હતી.

સુરતનું જમણ અને કાશીનું મરણ શ્રેષ્ઠ કહેવાય છે. ઢળતી ઉંમરે કાશીમાં મહાદેવના દર્શન કર્યા બાદ હૃદયરોગના તીવ્ર હૂમલામાં દેવલોક પામેલા ગાંધીનગરના જાણીતા નાગર સદ્‌ગૃહસ્થ કુલીનચંદ્ર બુચને કાશીનું મરણ અનાયાસે જ પ્રાપ્ત થયું. પ્રા. મમતા બુચના પિતાશ્રી અને પ્રા. પરાગ શુકલના સસરા નિવૃત્ત સરકારી અધિકારી કુલીનચંદ્ર રજનીકાન્ત બુચ પુત્રી-જમાઈ અને દોહિત્રી સાથે કાશી ગયા હતા. તેઓ અહીં જીવતેજીવ પોતાનું શ્રાદ્ધ કરી મોક્ષ માર્ગે જવાની ઈચ્છા ધરાવતા હતા. ગત તા. ૯મી નવેમ્બરના રોજ ધનતેરસે તેઓ વારાણસીમાં કાશી વિશ્વનાથ મહાદેવના દર્શન કરીને બહાર નીકળ્યા ત્યારે તેઓએ અસ્વસ્થતાની ફરિયાદ કરી હતી. જો કે તેઓને મેડીકલ સારવાર મળે તે પહેલા જ તેઓ દેવલોક પામ્યા હતા.

હૃદયરોગનો તીવ્ર હૂમલો મંદિરના પ્રાંગણમાં જ આવ્યો હતો જે તેઓ જીરવી શક્યા ન હતા. કાશીમાં જ તેઓના અંતિમ સંસ્કાર કરવાનો નિર્ણય પરિવારે લીધો હતો. કાશીના જાણીતા મણિકર્ણિકા ઘાટ પર જ તેઓની અંતિમ વિધિ કરી પરિવાર ગાંધીનગર પરત ફર્યો છે. આજે તેમની પ્રાર્થનાસભા યોજવામાં આવી હતી.

સુરતનું જમણ અને કાશીનું મરણ આપણી સામાજીક માન્યતાઓમાં શ્રેષ્ઠ કહેવાય છે

જિલ્લા, તાલુકા પંચાયત અને ન.પા.ની ચૂંટણીઓમાં હરીફ ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ

ભારતીય જનતા પાર્ટીના ૯૮૭, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના ૯૮૫, અન્ય ૨૧૨, અપક્ષ ૩૦૧ અને ૭ ઉમેદવારો બીનહરીફ

ગાંધીનગર, તા. ૧૭

૨૯મી નવેમ્બર, રવિવારના રોજ યોજાનાર જિલ્લા, તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીઓ માટેના ઉમેદવારીપત્રો પરત ખેંચાયા બાદ આ ચૂંટણીઓ માટે હરીફાઈમાં રહેલ ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થયેલ છે. તે મુજબ પ્રાત થયેલ માહિતી મુજબ ૩૧ જિલ્લા પંચાયતો માટે માન્ય ૨૭૨૭ ઉમેદવારી પત્રોમાંથી ૨૩૫ ઉમેદવારીપત્રો પરત ખેંચાયા છે. ત્યારબાદ હરીફાઈમાં રહેલ ઉમેદવારોની વિગતો જોઈએ તો ભારતીય જનતા પાર્ટીના ૯૮૭, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના ૯૮૫, અન્ય ૨૧૨, અપક્ષ ૩૦૧ અને ૭ ઉમેદવારો બીનહરીફ જાહેર થયા છે.

૨૩૦ તાલુકા પંચાયતોની યોજાનાર સામાન્ય ચૂંટણીઓમાં કુલ ૧૨,૪૭૬ ઉમેદવારીપત્રો માન્ય ઠર્યા હતા. તેમાંથી ૭૫૬ ઉમેદવારીપત્રો પાછા ખેંચાયા છે. ત્યારબાદ ભારતીય જનતા પાર્ટીના ૪૭૧૬, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના ૪૬૯૭, અન્ય ૬૫૭, અપક્ષ ૧૫૯૫ હરીફાઈમાં રહેલ છે. જ્યોર ૫૪ ઉમેદવારો બીનહરીફ જાહેર થયેલ છે.

૫૬ નગરપાલિકાઓની યોજાનાર ચૂંટણીઓ માટે ૫૮૦૩ ઉમેદવારીપત્રો માન્ય રહ્યા હતા. તેમાંથી ૪૮૪ ઉમેદવારીપત્રો પરત ખેંચાયા છે. આ ઉમેદવારીપત્રો પરત ખેંચાયા બાદ ભારતીય જનતા પાર્ટીના ૧૯૪૫, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના ૧૮૦૧ અન્ય ૪૬૮ તથા ૧૦૮૨ અપક્ષ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જ્યારે ૨૭ ઉમેદવારો બીનહરીફ જાહેર થયા છે.

અશોક સિંઘલજીને મુખ્યમંત્રીશ્રીની શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૧૭

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે વિશ્વ હિન્દુ પરિષદના વરિષ્ઠ અગ્રણી અશોક સિંઘલજીના દુ:ખદ નિધન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી તેમને શ્રધ્ધાંજલિ પાઠવી છે. સ્વ. અશોક સિંઘલજીએ વેદ પ્રચાર-પ્રસાર અને હિન્દુ સંસ્કૃતિના જતન-સંવર્ધન માટે આજીવન જે યોગદાન આપ્યું હતું, તેની મુખ્યમંત્રીશ્રીએ શોકાંજલિ સંદેશમાં સરાહના કરી છે. શ્રીમતી આનંદીબહેનેસ્વ. સિંઘલના આત્માની પરમશાંતિ માટે પ્રભુ પ્રાર્થના પણ કરી છે.

જિલ્લા પંચાયતની ચિલોડા(ડ)ની બેઠક પર

રાજકિય પક્ષો સાથે છેડો ફાડી અપક્ષ તરીકે પાટીદારે ઉમેદવારી નોંધાવતા રાજકીય હડકંપ

ચિલોડા, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની ચૂંટણી યોજનાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની પંચાયતની ચૂંટણીઓ રાજકીય પક્ષો કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ખરાખરીનો જંગના એંધાણો વર્તાઈ રહ્યા છે. ત્યારે ગુજરાત વિધાનસભા દક્ષિણ વિસ્તારમાં જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા (ડ) છાલા, ડભોડા તથા ચિલોડા(ન) મુખ્યત્વે ચાર બેઠકો પર રાજકીય પક્ષો તથા અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી ચૂંટણીજંગમાં જંપલાવ્યુ છે. ત્યારે ચિલોડા(ડ)ની બેઠક હરહંમેશ ચૂંટણીજંગ વધુ રસપ્રદ બને તેવા સંકેતો મળી રહ્યા છે. આ બેઠક પરથી હરહંમેશ કોંગ્રેસ માટે અગ્રેસર રહી મેદાને જંગમાં અગ્રેસર સીટ ગણાય છે. હાલમાં ચિલોડા બેઠક કોંગ્રેસ હસ્તક હોવાથી યુવા કોંગ્રેસના ઉમેદવાર શ્રી અરવિંદસિંહ સોલંકીએ ઝંપલાવ્યું છે. ત્યારે ચિલોડા ગામ ભાજપનો ગઢ હોવાથી તાલુકાની બેઠક ભાજપના હસ્તક છે.

ત્યારે ચિલોડા ગામના અગ્રણી યુવાન કોંગ્રેસના આગેવાને રાજકીય પક્ષ સાથે છેડો ફાડી કોંગ્રેસ તથા ભાજપના બંનેના યુવાન પાટીદારોએ અપક્ષ તરીકે જયંતિભાઈ ગોરધનભાઈ પટેલે તેઓ ચિલોડા ગ્રામ પંચાયતના સદસ્ય, ચિલોડા સેવા સહકારી મંડળીના તથા ચિલોડા દૂધ ઉત્પાદક મંડળીના સભ્ય તરીકે સેવા બજાવે છે. ત્યારે અપક્ષ ઉમેદવારી નોંધાતા હવે રાજકીય જીત હારના સમીકરણોમાં મુખ્ય ભુમિકા ભજવશે. અને પરિવર્તનનો પવન ફૂંકાશે તેવા ગણિત મંડાઈ રહ્યા છે. આમ જયંતિભાઈ પટેલને ચિલોડા, લવારપુર, મગોડી ગામમાંથી સારો પ્રતિસાદ મળે તેવું મનાય છે. આમ ભાજપ પક્ષના સમર્થકો, ટેકેદારો અને કાર્યકરો સહિત જયંતિભાઈ પટેલના સમર્થનમાં જોડાતા રાજકીય હડકંપ મચાવી દેતાં અપક્ષની તાકાત ચિત્ર બદલશે તેવું જણાઈ આવે છે.

આજે પીંપળજ ગામે ફૂલના ગરબા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના પીંપળજ (જુના) ગામે નવયુવક મંડળ પીંપળજ (જુના)ના પ્રમુખ પ્રવિણસિંહ વાઘેલા તથા રાજેન્દ્રસિંહ વાઘેલા, કરણસિંહ વાઘેલા તેમજ ગાંધીનગર જિલ્લાના આગેવાન અરવિંદસિંહ વાઘેલા (વાસણ) અને પીંપળજ ગામના સરપંચ ભરતસિંહ વાઘેલાના સહયોગ દ્વારા માતાજીના ફૂલના ગરબાનું તા. ૧૮મી નવેમ્બર બુધવારના રોજ આયોજન કરવામાં આવેલ છે. આ શુભ પ્રસંગે ગરબામાં ઉપસ્થિત રહેવા તથા દર્શનનો લાભ લેવા સર્વે ભાવિકભક્તોને અનુરોધ કરવામાં આવ્યો છે.